જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૦/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૧૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૭૭	૦	૧૧૬૭૭	૧૭૭૮૮	૦	૧૭૭૮૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૪	૦	૧૧૪	૩૯૩	૦	૩૯૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૨૧૩૮	૨૪	૭૨૧૬૨	૭૩૧૫૫	૨૪	૭૩૧૭૯
કુલ		૮૮૬૬૨	૨૪	૮૮૬૮૬	૯૭૬૧૮	૨૪	૯૭૬૪૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૦	૫,૦૩,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૬૮	૫,૬૮,૦૦૦/-

નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

કૃષ્ણનગર પો.સ્ટે.ના સી.આર.પી.સી.કલમ-૭૦ મુજબના વોરંટવાળા નાસતા-ફરતા આરોપીને ખંજર હથીયાર સાથે પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી તેમજ આગામી આવનાર નવરાત્રીના પવિત્ર તહેવાર ને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી-જુગારની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૫/૧૦/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે.વિસ્તારમાં ખાનગી કપડાઓમાં ક.૨૦/૦૦ થી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૨૦/૪૫ વાગે એસ.આર.પી.ગેટ અમુલ પાર્લર આગળ જાહેર રોડ ઉપરથી પસાર થતા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ નાઓને સંયુકત ખાનગી બાતમી હકિકત મળેલ કે " એક ઇસમ જેણે શરીરે આખી બાયનું વાદળી-સફેદ-છીંકણી કલરનું ટી શર્ટ તથા વાદળી કલરનું જીન્સનું પેન્ટ પહેરેલ છે તે ઇસમ તેના પેન્ટના નેફામાં એક ધારદાર હથીયાર છરો રાખી ઉભો છે " જે બાતમી હકિકત આધારે સદરી ઇસમ ની તપાસ સારૂ સાથેના સ્ટાફના માણસો તથા પંચો સાથે જઇ સદરી ઇસમ ને સદરી જગ્યાએથી પંચો રૂબરૂ પોતાની પાસેના ગુન્હાહીત કાવતરા સારૂ સંતાડી રાખેલ ખંજર હથીયાર સાથે પકડી પાડી તેની અત્રેના પો.સ્ટે.ખાતે તપાસ કરતા આરોપી વિરૂધ્ધ કૃષ્ણનગર પો.સ્ટે.ખાતે પાર્ટ.એ.ગુ.ર.નં-૧૦૭૮/૨૧ ધી.ઇ.પી.કો.કલમ-૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬ (૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) તેમજ નિકોલ પો.સ્ટે.પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૫૨૧૧૧૫૩/૨૧ ધી.ઇ.પી. કો.કલમ-૩૨૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબના ગુન્હા દાખલ થયેલ હોય અને જે ગુન્હામાં છેલ્લા ત્રણ-ચાર મહિનાથી નાસતો ફરે છે અને તેના વિરૂધ્ધ CRPC કલમ-૭૦ મુજબનુ વોરંટ પણ ઇશ્યુ થયેલ હોય જે આરોપીએ મે,પોલીસ કમિશ્નર શ્રી ની કચેરીના જાહેરનામા ક્રમાંક/ વિશા/ હથિયારબંધી-જાહેરનામું/ એ-સેકશન/ પરમીટ/ ૧૩૪/ ૨૦૨૧ તા.૨૮/૦૯/૨૦૨૧ ના જાહેરનામાનો ભંગ કરેલ હોય જેથી તેના વિરૂધ્ધ જી.પી.એકટ કલમ-૧૩૫(૧) ની કાયદેસરની કાર્યવાહી કરી તા.૦૫/૧૦/૨૦૨૧ ના ક.૨૨/૦૫ વાગે અટક કરી સારી કામગીરી કરેલ છે.તા.૦૬/૧૦/૨૦૨૧

આરોપીનું નામ :-

સાહિલ ઉર્ફે જોગી ઉર્ફે સરકાર સ/ઓ જીતુભાઇ ત્રિકમભાઇ જાતે પટેલ ઉ.વ.૧૯ ધંધો-બેકાર રહે.બ્લોક નં-૮૯ રૂમ નં-૧૪૮૭,ગુજરાત હાઉસિંગ બોર્ડ કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન-ગામ-લાઠી જીલ્લો-અમરેલી

આરોપીનો પુર્વ ઇતિહાસ:-

આ કામે આરોપીનો જન્મ અમદાવાદમાં થયેલ છે અને હાલ બેકાર છે ધોરણ-૦૯ સુધી ભણેલ છે અને લગ્ન થયેલ નથી અને અગાઉ નવેક મહિના પહેલા નરોડા પો.સ્ટે માં ઇંગ્લીસ દારૂના કેશમાં પકડાયેલ અને ત્યારબાદ કૃષ્ણનગર પો.સ્ટે માં પાર્ટ.એ.ગુ.ર.નં.૦૨૯૮/૨૧ તા.૨૫/૦૩/૨૧ ધી,ઇ.પી.કો.કલમ-૧૪૩,૧૪૪,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૪,૪૫૨, ૪૨૭,૨૯૪(ખ),૧૨૦(બી),૧૫૦ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબ તથા પાર્ટ.એ.ગુ.ર.નં.૦૩૦૨/૨૧ તા.૨૭/૦૩/૨૧ ધી,ઇ.પી.કો.કલમ-૧૪૩,૧૪૪,૧૪૭,૧૪૮,૧૪૯,૪૨૭,૨૯૪(ખ),૫૦૬(૨),૧૨૦(બી),૧૫૦ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ ના ગુન્હાઓમાં પકડાયેલ છે અને રાજકોટ જૈલ ખાતે પાસા કાપી ચુકેલ છે અને વોન્ટેડ ધર્મેંદ્ર ઉર્ફે ધમો અભેસિંહ બારડ જેવા માથાભારે ગુન્હેગાર નો સાગરીત છે

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા અ.હેડ.કોન્સ નરેન્દ્રકુમાર પરષોતમભાઇ બ.ન.૪૭૬૧ તથા અ.હેડ.કોન્સ દિનેશકુમાર જીવાજી બ.નં-૮૧૮૧ તથા અ.પો.કો.લાલાભાઇ દેવાભાઇ બ.ન.૭૫૫૫ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪





નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૨૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯૧ કેસ કરી, ૧૮૯ વ્યક્તિઓને ઝડપી, ૪૩૭ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨ મોટર સાયકલ, ૧ સ્કુટર અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૨૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૮૨૨/૨૦૨૧**

સાયબર ક્રાઈમઃ ઠાકોરભાઇ કાંતીલાલ પટેલ (ઉ.વ.૫૮) (રહે. પ્રાર્થના બંગ્લોઝ સરસપુર મિલ કમ્પાઉન્ડ) એ તા.૦૫/૦૧૦/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે ઠાકોરભાઇ પટેલના પુત્રએ તા.૦૪/૦૧/૨૦૨૧ ના રોજ ગુગલ પર ઈન્ડીયન ઓઈલ પેટ્રોલપંપની ડીલરશીપ લેવા સર્ચ કરી ફોર્મ ભર્યુ હતુ. ત્યારબાદ તા.૧૮/૦૧/૨૦૨૧ નારોજ મોબાઈલ નંબર ૯૦૭૩૨૫૭૯૮૬ ના ધારકે ફોન કરી પેટ્રોલપંપની ડીલરશીપ બાબતે વાત કરી વોટ્સએપ નંબર ૭૪૭૭૭૫૯૧૩૪ ધારકના નંબર ઉપર ઠાકોરભાઈ પટેલના ડોક્યુમેન્ટ મેળવી લઈ તેઓના મેઈલ આઈડી તેમજ બેન્ક ખાતા નંબરની વિગત મોકલી પેટ્રોલપંપની ડીલરશીપ મેળવવા માટે અલગ-અલગ પ્રોસેસ ચાર્જ જણાવી કુલ રૂપિયા ૩૯,૬૦,૦૦૦/- ભરાવડાવી આજદીન સુધી ઇન્ડીયન ઓઇલ પેટ્રોલપંપની ડીલરશીપ નહી આપી તેમજ ભરેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.કે.ગમાર ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૮૨૩/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ નીલેશભાઈ જતીનભાઈ ભીમાણી (ઉ.વ.૬૧)(રહે.જવાહરનગર સોસાયટી વાસણા રોડ વાસણા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૧૦/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે ગોતા ચાર રસ્તા ખાતે આવેલ “દીપ મોટર્સ” ખાતે પોતાની કાર દરવાજા ખુલ્લા રાખી પાર્ક કરી હતી. દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કારમાંથી બે બેગ ચોરી કરી લઈ નાસી ગયા હતા. જે બન્ને બેગ પૈકી એક બેગમાં ડેલ કંપનીનુ લેપટોપ કિમત રૂપિયા ૯૫,૦૦૦/- અને બીજા બેગમાં રોકડ રૂપિયા ૫૫,૦૦૦/- અને જરૂરી દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૮૨૪/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ ઈલાબહેન નિલેશકુમાર પ્રજાપતિ (ઉ.વ.૩૭) (રહે. ન્યુ મૃદુલ પાર્ક સોસાયટી વિભાગ-૧ સત્તાધાર ચાર રસ્તા સોલા રોડ) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૦/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ ઈ.પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

શાહપુરઃ હર્ષદભાઈ કાળીદાસ ગોહીલ (ઉ.વ.૪૨) (રહે. રાધાકૃષ્ણની ચાલી પોસ્ટ ઓફીસની બાજુમાં ઘી કાંટા રોડ શાહપુર) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૦/૨૦૨૧ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ ઈ.પો.સ.ઇ.શ્રી એસ.ડી.સોલંકી ચલાવે છે.

આનંદનગરઃ કૃષ્ણધામ ઔડાના મકાન વિભાગ ૨(અ) બ્લોક નંબર-૧૬ ઘર નંબર-૪૮૫ ખાતે ભાડાના મકાનમાં રહેતા અજયભાઈ સ/ઓ દેવાભાઈ મારવાડી (ઉ.વ.૨૧) (મુળ વતન. સંજયનગર હનુમાન ટેકરી વર્સિયા રોડ ફતેપુરા વડોદરા) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૦/૨૦૨૧ સવારના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતના હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદભાઇ હમીરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.